सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૭/૦૯/૨૦૨૪ | | |
| રજીસ્ટરે નોંધ્યા તારીખ | ૨૭/૦૯/૨૦૨૪ | | |
| ફેસલ કર્યા તારીખ | ૦૯ /૦૬/૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૮ | ૧૩ |

સુરેન્દ્રનગરના મહેરબાન એડીશનલ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ  સાહેબની કોર્ટમાં,
મુકામ–લીંબડી

| | |
|---|---|
| ફોજદારી રીવીઝન અરજી નંબર–૩૮/૨૦૨૪ | |
| આંક::– | |

શ્રી સરકાર ......અરજદાર

**–:: વિરૂદ્ધ ::–**

આઈરીશભાઇ દાઉદભાઇ હેમાણી.
ઉંમર વર્ષ આશરે–૪૭, ધંધો–વેપાર,
રહે.માતમચોક,ખોજાશેરી,લીંબડી
તાલુકો–લીંબડી,જીલ્લો–સુરેન્દ્રનગર. .......સામાવાળા

**બાબત :** **ક્રિ.પ્રો.કોડની કલમ ૩૯૭ અન્વયે અરજી....**

–:: **ઠરાવ** ::–

૧. શ્રી સરકાર તરફે હાલની રીવીઝન અપીલ દાખલ કરી એડી.ચીફ જ્યુ.મેજી. લીંબડીનાએ ક્રિમીનલ કેસ નં. ૫૭૫/૨૦૧૪ ના કામે તા: ૨૦/૦૨/૨૦૨૩ ના રોજ આંક: ૫૯ ની અરજી લગત કરેલ હુકમથી નારાજ થઈ તે હુકમ રદ કરવા માટે હાલની રીવીઝન અરજી દાખલ કરેલી છે.

૨.		વધુમા તેઓએ રજુઆત કરેલ છે કે,સદર આરોપીની સામે ગુજરાત મુલ્ય વધીત વેરા અધીનીયમ–૨૦૦૩ની કલમ–૮૫(૧)(સી)(જી)(જે)નો ગુન્હો નોંધાયેલ છે જે તેઓ હેમાણી પ્રોવિઝન સ્ટોર જે તેનો નોંધણી નં. ૨૪૦૮૧૧૦૦૨૦૮ ચબુતરા પાસે બાહેલાપરા, લીંબડી જે તેઓ માલિક હોય અને તેનુ નાણાંકીય વર્ષ–૨૦૦૯–૨૦૧૦ ના સમયગાળા દરમ્યાન તેઓના મોટા ભાગની ખરીદીના વ્યવહારો મેસર્સ જીગર ટ્રેડીંગ કંપની પાસેથી ખરીદી કરેલ અને જે તેઓએ ખોટી ખરીદી કરેલી હતી તેમ છતાં તે બાબત ના ખરીદી ના તેમજ વેચાણ ના ફક્ત ખોટા બીલો લેવડ–દેવડ કરીને તે બાબતના પત્રકે વેરા શાખા નો ખોટો દાવો કરીને બોગસ બીલો બનાવીને જે તે બાબત નો ગુન્હો કરીને સરકાર ને રેવન્યુ આવક માં રૂા.૭, ૧૭,૪૩,૨૧૫+/–અને તેનું વ્યાજ મળી જેટલી રકમ થાય તેટલી રેવન્યુનું નુકશાન કરેલ હોય જે તે બાબત નો તપાસનીશ અધિકારી એ તપાસ કરીને આરોપી એ ગુન્હો કરેલ તેવુ સાબીત થતુ હોય જેથી તેઓની સામે લીંબડીના મહે.જયુડી. એડી.ચિફ મેજી.સાહેબ ની કોર્ટમાં કેસ ચલાવવા માટેની કાર્યવાહી શરૂ કરેલ જે તે કાર્યવાહી ના અનુસંધાને નામદાર ટ્રાયલ કોર્ટે આરોપી સામે આંક–૧૦ થી તા.૧૧/૬/૨૦૧૫ ના તહોમતનામુ ફરમાવવામાં આવેલ પરંતુ નામદાર ટ્રાયલ કોર્ટે તપાસનીશ અધિકારી ના ચાર્જશીટ ના દસ્તાવેજી પુરાવાનો અભ્યાસ કરતા નામદાર વિધ્વાન ટ્રાયલ કોર્ટે એવી હકિકત આરોપી વિરૂધ્ધ લાગતા તેઓએ પોતે સંજ્ઞા લઈને આઈ.પી.સી.ની કલમ–૪૨૦, ૪૬૭ કલમ અન્વયે તહોમતનામુ ફરમાવેલ.

ત્યારબાદ નામદાર વિદ્ધવાન ટ્રાયલ કોર્ટે આંક–૩૨ થી ફરીયાદી જીવણભાઈ રણછોડભાઈ નાધા તેમજ આંક–૪૨ થી જયેન્દ્રકુમાર હરીભાઈ દેસાઈ જે તેઓ વાણીજય વેરા અધિકારી તેમજ આંક–૪૮ થી રાજગોર પુષ્કરભાઈ ગંગારામભાઈ સહાયક વાણીજય વેરા કમિશ્નર તથા આંક–૫૭ થી રાજુભાઈ કનુભાઈ શાહ જે તેઓ પણ સહાયક વાણીજય વેરા કમિશ્નર નાઓ હોય જે ઉપરોકત તમામ સાહેદોને નામદાર વિદ્ધવાન ટ્રાયલ કોર્ટમાં સાહેદી આપેલ છે. જે તેઓએ તેઓની જુબાની વખતે આરોપીનાઓ એ જે કાંઈ તેઓની માતૃ સંસ્થાઓ સાથે ખોટા બીલીંગ કરીને જેનો સાચા તરીકે ઉપયોગ કરીને આર્થિક લાભો કરોડોમાં મેળવેલ તે તમામ ડોકયુમેન્ટસો નામદાર કોર્ટમાં રજુ કરેલ. આમ, આરોપીએ તેઓના નાણાંકીય વર્ષ–૨૦૦૯–૨૦૧૦ માં મોટાભાગ ની ખરીદી જીગર ટ્રેડીંગ કે જેનો નોંધણી નંબર ધડમુળ થી રદ થયેલો તેમની પાસેથી કપાસીયાની ખરીદી કરેલી તેમ દર્શાવેલ પરંતુ જીગર ટ્રેડીંગ દ્બારા ભરવામાં આવેલ પત્રકો સાથે વેચાણ યાદી રજુ કરેલ ન હતી. આમ, હેમાણી પ્રોવીજલ સ્ટોર દ્બારા ખોટી ખરીદીના પુરાવા ઉભા કરેલ હોવાનું પુરવાર થયેલ. તે રીતે ખોટા બીલો મેળવીને જે તેનુ પત્રક એ–વેરા શાખામાં બોગસ બીલો રજુ કરીને સરકાર નાણાકીય રૂા.૭, ૧૭,૪૩,૨૧૫+ નું રેવન્યુમાં નુકશાન કરેલ છે અને જે તેઓએ રેવન્યુ પાસેથી જુદા જુદા વર્ષના આકારણી વર્ષમાં રિફંડ પણ મેળવેલ છે. જે સદર કામના સાહેદ જે તેઓ પણ ફરીયાદી હોય અને તેઓએ લીંબડી

પોલીસ સ્ટેશનમાં આંક–૩૩ થી ફરીયાદ આપેલ હોય જે ફરીયાદ ની અંદર પ્રથમ થી જ આરોપી નાઓએ તેઓની મેસર્સ જીગર ટ્રેડીંગ કંપની સાથે ૨૦૦૯–૨૦૧૦ દરમ્યાન જે ખોટી લે–વેચ કરીને તેમજ તે બાબતના ખોટા સરકારી દસ્તાવેજો બનાવીને અને તેના આધારે સરકાર શ્રી પાસેથી કરોડો રૂપિયાનું રિફંડ મેળવેલ જે ફરીયાદીએ તેઓની આંક–૩૩ માં પોલીસ રૂબરૂ ની ફરીયાદમાં જ પ્રથમ થી જ જણાવેલ અને જે ફરીયાદના ઈન્ગ્રીડીયન્સ એટલે કે આંક–૫૯ થી જે ચાલતા કામે ફરીયાદ પક્ષે જે અરજી કલમો ઉમેરવા માટે આપેલી તેમાં પણ આઈ.પી.સી. ની કલમ–૪૬૫,૪૬૮,૪૭૧ એટલે કે ખોટા દસ્તાવેજો જેવા કે ખરીદી ના બીલો, ખોટી કાંટા ચીઠ્ઠીઓ તેમજ ખોટા ટ્રાન્સપોર્ટેશનના ખોટા વાઉચરો વિગેરે જેવા દસ્તાવેજો બનાવીને તે દસ્તાવેજો સાચા હોવાનું ઠરાવીને સરકાર શ્રી પાસેથી રિફંડ કરોડોમાં મેળવેલ જે પ્રથમ દષ્ટિએ સમગ્ર હકિકત આંક–૩૩ ની ફરીયાદમાં હોવા છતાં તે બાબતનો આરોપીએ ગુન્હો કરેલ જેથી ઉપરોકત આઈ.પી.સી.ની કલમોનો તહોમતનામામાં આરોપી વિરૂધ્ધ ફરમાવુ જોઈતુ હતુ. આંક–૩૪ ના પત્રના સમર્થનમાં જે આંક–૩૩ વાળી ફરીયાદ આરોપી વિરૂધ્ધ દાખલ થયેલ અને તેમાં પણ જે તે તેઓની ભગીની સંસ્થાઓ સાથે ખોટા દસ્તાવેજો બનાવેલ અને ખોટુ રિફંડ મેળવેલ તે હકિકત પણ આંક–૩૪ ના દસ્તાવેજમાં પ્રથમ થી જ જણાવેલ હતી.

આ કામના આરોપીએ સને–૨૦૦૯–૨૦૧૦ સરકાર શ્રી પાસેથી તેઓએ તેઓની ભગીની સંસ્થા જીગર ટ્રેડીંગ કંપની પાસેથી આરોપીએ ખોટા દસ્તાવેજો બનાવીને જે સરકાર પાસે રિફંડ મેળવેલ તે રકમ કુલ રૂા.૭,૧૭,૪૩,૨૧૫+ જેવી માતબર રકમ મેળવેલ છે.જેથી સરકાર શ્રી ને તેટલી રકમ નું નુકશાન કરેલ અને તે રકમ મેળવીને આરોપીએ તેનો અંગત ઉપયોગ કરેલ છે. જે રકમમાં આરોપી પાસેથી ફરીયાદીનાઓ ને આકારણી ની રકમ દરમ્યાન જે ખરેખર વસુલાત વેરો તેના ઉપર નો વ્યાજ તેમજ દંડ ની રકમ સહીતની મેળવવાની કાયદેસર રીતે મેળવવા હકકદાર છે.

તેમજ સદર જે આંક–૫૯ ની અરજી ફરીયાદ પક્ષે આપવમાં આવેલ જે કલમ–૮૫ (૨) (જે) ચાલતા કામે તે કલમનો ઉમેરો કરવા માટે જણાવવામાં આવેલ પરંતુ તે કલમ સ્પષ્ટ રીતે એવુ જણાવે છે કે કોઈપણ વ્યકિત સરકાર ની આવક કે મહેસુલ કે રિફંડ મેળવવા માટે કોઈ મૌખિક કે કોઈ બોગસ દસ્તાવેજો કપટયુકત રીતે રજુ કરીને તે બાબતે આર્થિક લાભ મેળવે તો સદર કલમની જોગવાઈ મુજબ ગુન્હો કર્યો હોવાનું માનવાનુ જે સદર કામની અંદર આરોપી એ જે તેઓની ભગીની સંસ્થા સાથે તેઓએ સને–૨૦૦૯–૨૦૧૦ દરમ્યાન કોઈપણ વ્યપારીક માલની ખરીદ વેચાણ કરેલ ન હોવા છતાં તે બાબતની ખોટી જે જગ્યાએ વ્યવહાર દર્શાવવા પડે તેવા ખોટા વ્યવહારો દર્શાવીને અને તે બાબતના તેઓએ મળતયા સાથે ખોટા દસ્તાવેજો બનાવીને સરકાર શ્રી પાસે થી કરોડોની રિફંડ મેળવેલ છે. જેથી નામદાર વિધ્વાન ટ્રાયલ કોર્ટે જે તેઓની પાસે ફરીયાદ પક્ષે જે કાંઈ રેકર્ડ ઉપર પુરાવો આવેલ તેમાં પણ સ્પષ્ટ રીતે

એ હકિકતો માલુક પડતી હતી કે આરોપી એ આ સમગ્ર બાબત ખોટી રીતે ખોટા દસ્તાવેજો બનાવીને આર્થિક લાભ સરકાર શ્રી પાસેથી મેળવેલ છે. જેથી સદર કલમ નો ઉમેરો તેઓએ કરવો જોઈતો હતો.

સદર કામમાં આંક–૫૯ ની અરજી માં જે કલમ અન્વયે તેઓએ કલમ ૮૫(૪) ઉમેરવા માટેની અરજી આપેલ જે કલમની જોગવાઈ જોતા એવુ સ્પષ્ટ રીતે તેમાં જણાવેલ છે કે આ પ્રકારના ગુન્હો કરવામાં ગુન્હો કરનાર તથા તે ગુન્હામાં મદદગારી કરનારનાઓ પણ જવાબદાર ઠરે છે તેમજ સદર ગુન્હાની સજા ૬ મહીનાની તેમજ દંડની પણ જોગવાઈ કરવામાં આવેલ છે પરંતુ સદર ફરીયાદ પક્ષના કેસમાં હાલના આરોપીનાઓએ જે તેઓની સહયોગી સંસ્થાઓ પાસેથી કોઈપણ માલ ની લે–વેચ કરેલ નહી અથવા કોઈ વેચાણ કે લે કરેલ નથી તેમ છતાં તેઓની પાસેથી ખોટા બીલો બનાવેલ છે તેમજ કોઈપણ જગ્યાએ કોઈપણ વાહનમાં માલ ભરેલ નહી હોવા છતાં કે તેનુ વહન નહી કરેલ હોવા છતાં વજન કાંટા ઉપર તેનું વજન કરાવેલ નહી હોવા છતાં તેમજ કોઈપણ એક જગ્યા એ થી બીજી જગ્યાએ માલનું વહન વાહનમા કરેલ નહી હોવા છતાં જે તે ટ્રાન્સપોર્ટનું બીલ રજુ કરેલ છે. આમ, ઉપરોકત તમામ વ્યકિતઓ પાસેથી કોઈ જ વ્યવહાર કરેલ નહી હોવા છતાં ખોટા બીલો બનાવીને તે સરકાર શ્રી પાસે રજુ કરીને આરોપી એ તેઓના અંગત લાભ ખાતર કરોડો રૂપિયા નું રિફંડ મેળવેલ છે. જેથી નામદાર વિધ્વાન ટ્રાયલ કોર્ટે સદર કલમ ઉમેરવાનો હુકમ ચાલતા કામે કરવો જોઈતો હતો.

સદર રિવિઝન અરજી જો મંજુર કરવામાં ન આવે તો આરોપી એ જે પ્રથમ દષ્ટ્રિએ જ કરોડો રૂપિયા ની સરકાર શ્રી પાસેથી મેળવીને આર્થિક નુકશાન કરેલ છે અને તે આર્થિક લાભ મેળવવા માટે તેઓએ સ્પષ્ટ્ર રીતે આઈ.પી.સી.ની કલમ–૪૬૫, ૪૬૮,૪૭૧ મુજબ નો ગુન્હો કરેલ છે તેવુ સ્પષ્ટ્ર રીતે ફરીયાદ પક્ષે નામદાર કોર્ટના રેકર્ડ ઉપર તેવી હકિકત લાવેલ છે તેમજ સદર કામના આરોપીએ જે કાંઈ તેઓના આર્થિક લાભ મેળવવા માટે જે કાંઈ ફ્રોર્ડ ડોક્યુમેન્ટ બનાવેલ અને તે ગુજરાત મૂલ્યવર્ધીત વેરા અધિનિયમના અધિકારી સમક્ષ તે તેઓના અંગત લાભ માટે એટલે કે સરકાર શ્રી ના અધિકારીની પાસે તે દસ્તાવેજો તેઓએ ઠગાઈ કરવાના તેમજ છેતરવાના ઈરાદાથી તે દસ્તાવેજો રજુ તથા રજુઆત કરીને તેઓએ કરોડો રૂપિયા નો આર્થિક લાભ મેળવેલ જેથી પણ સદર રિવિઝન અરજી મંજુર કરવા નમ્ર વિનંતી કરેલ છે.

૩. અરજદારોની હાલની ફેરવિચારણા અરજીની નોટીસ સામાવાળાઓને ધોરણસર રીતે બજી જતા સામાવાળા/ આરોપી તરફે વિ. વ.શ્રી જે.એન.દવે હાજર થયા છે, અને તેઓએ હાજર થઈ રજુઆત કરેલી છે કે, ટ્રાયલ કોર્ટ ધ્વારા કરવામાં આવેલ હુકમ કાયદેસર યોગ્ય, વ્યાજબી અને ન્યાયીક હોઈ જેથી તે સેટેસાઈટ કરવો યોગ્ય અને વ્યાજબી ના હોય અને કોર્ટથી કરેલ હુકમ કાયદેસર રીતે માઈન્ડ એપ્લાય કરી કાયદા મુજબ કરેલ છે, વધુમાં

નીચેની કોર્ટ નીચેની સમક્ષના કેસમાં ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ– ૨૧૬ અન્વયે તહોમતનામામા તેઓને જરુર જણાઈ ત્યાં અને ત્યારે સુધારો વધારો ઉમેરો કરી શકે છે અને તે કોર્ટની મુનસફીની સત્તા છે, તેમાં ફરિયાદીએ અરજી આપેલી હોય કે ના આપેલી હોય તો પણ મેજી. કોઈપણ સમયે તેમાં સુધારો વધારો કે ઉમેરો કરી શકે છે અને તેમાં કોઈપણ જાતની કાયદાની ભુલ હોવાનુ જણાઈ આવતુ ના હોય અને જે હુકમ કરેલ છે તે રેકર્ડ જોઈ માઈન્ડ એપ્લાય કરીને કરેલ હોય તે સંજોગોમાં અરજદાર ધ્વારા કરવામાં આવેલી હાલની અરજી નામંજુર કરવા રજુઆત કરી છે.

૪. રીવીઝન અરજી, રીવીઝન અરજી લગત રજુ બંને પક્ષકારોની વિસ્તારપુર્વકની દલીલો, સાંભળી. ઉપરોકત હકીકતને લક્ષ્યમાં લેતા હાલની રીવીઝન અરજીના આખરી નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુ દ્દા :-**

૧. શું અરજદાર નિ:શંકપણે પુરવાર કરે છે કે લીંબડીના ચીફ જયુ.મેજી. શ્રીએ ક્રિ.કેસ નં. ૫૭૫/૧૪ ના કામે આંક:૫૯ ની અરજી તા: ૨૦/૦૨/૨૩ ના રોજ કરેલ હુકમ કાયદેસર, યોગ્ય, વ્યાજબી અને ન્યાયીક ન હોઈ ફેરફારને પાત્ર છે ?

૨. શું હુકમ ?

૫. ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારાત્મક

૨. આખરી હુકમ મુજબ.

૬. મારા ઉપરોકત નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

**-: કા ર ણો:-**

**મુદ્દા નં.૧.**

૭. આ કામે રજુ રેકર્ડ જોતા હાલની રીવીઝનના અરજદાર ફોજદારી કેસ નંબર: ૫૭૫/૧૪ ના કામે ફરીયાદીછે તેમણે એવી તકરર લીધેલી છે કે, આરોપી સામે

લીંબડી પો. સ્ટે. માં સે. ગુના રજી. નં. ૩૦૫૭/૨૦૧૪ થી ગુજરાત મુલ્યવર્ધીત–વેરા અધિનીયમ–૨૦૦૩ ની કલમ–૮૫(૧)(સી)(જી)(જે) મુજબની ફરિયાદ નોંધવામા આવેલી ચાર્જશીટ થયા બાદ કોર્ટથી ઈ.પી.કો.કલમ–૪૬૭,૪૨૦ ગુજરાત મુલ્યવર્ધીત–વેરા અધિનીયમ–૨૦૦૩ ની કલમ–૮૫(૧)(સી)(જી)(જે) મુજબનુ તહોમતનામુ ફરમાવવામા આવેલ અને તેમાં તેનો જવાબ થઈ પ્લી અનુક્રમે આંક:૧૧થી નોંધવામા આવેલી અને ત્યાર બાદ ફરિયાદી પક્ષે આંક:૫૯થી ચાર્જમાં ઉમેરવા એટલે કે ઈ.પી.કો.ક. ૪૦૬,૪૬૫,૪૬૮,૪૭૧ તથા ગુજરાત મુલ્યવર્ધીત–વેરા અધિનીયમ–૨૦૦૩ ની કલમ–૮૫(૨)(જે),૮૫(૪) મુજબનો ઉમેરો કરવાની અરજી આપેલ તેની સુનાવણી વિ.મેજી. શ્રીએ કરી ફરિયાદીની હકીકત ઘ્યાને લઈ તેમજ ઈ.પી.કો.ક. ૪૦૬,૪૬૫,૪૬૮,૪૭૧ તથા ગુજરાત મુલ્યવર્ધીત–વેરા અધિનીયમ–૨૦૦૩ ની કલમ–૮૫(૨)(જે),૮૫(૪) ની જોગવાઈ જોતા તે નીચે મુજબ છે.

**<u>ઈ.પી.કો.કલમ ૪૦૬:–</u>** ગુન્હાહિત વિશ્વાસઘાત માટે સજા

કોઇપણ વ્યકિત, ગુન્હાહિત વિશ્વાસઘાત કરે તેને ત્રણ વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

**આવશ્યક તત્વો <u>:–</u>**

૧. આરોપીને કોઈ મિલકત સોંપવામાં આવી હતી,

૨. આરોપીનો તે મિલકત પર તે મુજબ અધિકાર હતો,

૩. આરોપીએ તે મિલકતની ઉચાપત કરી અથવા તેને પોતાના ઉપયોગમાં લીધી અથવા અન્ય વ્યક્તિને તેના ઉપયોગમાં જાણીબૂજીને લેવા દીધી,

૪. આરોપીએ આવું કૃત્ય અપ્રમાણિકપણે કર્યું,

૫. આરોપીએ આવું કૃત્ય અમલ કરવાની પદ્ધતિ દર્શાવતા કાનૂની આદેશ વિરુદ્ધ કર્યું અથવા કોઈ ટ્રસ્ટની મિલકત હોય ત્યારે તે મિલકતને લગતા સ્પષ્ટ અથવા કોઈ ગર્ભિત કાનૂની કરારના આદેશનું ઉલ્લંઘન કરીને આરોપીએ આવું કૃત્ય કર્યું,

**<u>ઈ.પી.કો.કલમ ૪૬૫ :–</u>** બનાવટી દસ્તાવેજ બનાવવાની સજા

કોઈ પણ વ્યક્તિ, ખોટો દસ્તાવેજ બનાવવાનો ગુન્હો કરે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.

**આવશ્યક તત્વો :–**

૧. આરોપીએ કોઈ દસ્તાવેજ સહી કર્યો, સીલ કર્યો અથવા કરી આપ્યો અથવા કરી આપ્યો હોય તેવું ચિહ્ન કર્યું કે દસ્તાવેજનો કોઈ ભાગ કરી આપ્યો,

૨. આવો દસ્તાવેજ કલમ ૪૬૪માં દર્શાવેલા ત્રણ પૈકી કોઈ પ્રકારમાં પડતો હતો,

૩. આવો દસ્તાવેજ આરોપીએ અપ્રમાણિકપણે અથવા કપટપૂર્વક અથવા કલમ ૪૬૩માં દર્શાવેલા કોઈ ઈરાદાથી કરી આપ્યો.

**ઈ.પી.કો.કલમ ૪૬૮ :–** ઠગાઇ માટે કુટ લેખન

કોઈ પણ વ્યક્તિ, કોઈ કૂટલેખિત દસ્તાવેજનો ઠગાઈ કરવા માટે ઉપયોગ કરવામાં આવશે તેવા ઈરાદાથી તેવો કૂટલેખિત દસ્તાવેજ બનાવે તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.

**આવશ્યક તત્વો :–**

૧. સંડોવાયેલો દસ્તાવેજ બનાવટી હતો,

૨. આવો બનાવટી દસ્તાવેજ આરોપીએ બનાવેલો હતો,

૩. બનાવટી દસ્તાવેજ બનાવવા પાછળ આરોપીનો ઠગાઈ કરવાનો ઈરાદો હતો.

**ઈ.પી.કો.કલમ ૪૭૧ :–** બનાવટી દસ્તાવેજ સાચા તરીકે વાપરવા

કોઈ પણ વ્યક્તિ, કોઈ દસ્તાવેજ કૂટલેખિત હોવાનું પોતે જાણતી હોય અથવા પોતાને તેમ માનવાને કારણ હોય તેનો અપ્રમાણિકપણે અથવા કપટપૂર્વક સાચા દસ્તાવેજ તરીકે ઉપયોગ કરે તેણે પોતે તે દસ્તાવેજનું કૂટલેખન કરવાનો ગુન્હો કર્યો હોય તેમ ગણીને તે રીતે સજા કરવામાં આવશે.

**આવશ્યક તત્વો :–**

૧. સંડોવાયેલ દસ્તાવેજ બનાવટી હતો,

૨. આવો બનાવટી દસ્તાવેજ આરોપીએ કર્યો હતો, અથવા

૩. આરોપી જાણતા હતાં અથવા તેમને એવું માનવાને કારણ હતું કે આ દસ્તાવેજ બનાવટી છે,

૪. આરોપીએ આ દસ્તાવેજ બનાવટી હોવાનું જાણવા છતાં તેનો ઉપયોગ સાચા તરીકે કર્યો,

૫. આરોપીએ આવું કૃત્ય કપટ કરવાનાં ઈરાદાથી અપ્રમાણિકપણે કર્યુ.

**ગુજરાત મુલ્યવર્ધીત–વેરા અધિનીયમ–૨૦૦૩ ની કલમ–૮૫(૨)(જે)**

કલમ ૬૭ હેઠળ પોતાને ફરમાવેલી કોઈ જરૂરિયાતોનું પૂરતા કારણ સિવાય પાલન ન કરે અથવા તે કલમ હેઠળ કોઈ અધિકારીને નિરીક્ષણ, ઝડતી, અથવા જકી કરવામાં અડચણ ઊભી કરે તો, તેને, દોષિત ઠર્યે એક વર્ષ સુધીની કેદની અને વીસ હજાર રૂપિયા દંડની શિક્ષા થશે.

**આવશ્યક તત્વો** <u>:–</u>

૧.આરોપી દ્વારા Tax Invoice / Retail Invoice / Bill / Cash Memorandum જારી કરવામાં આવ્યો હોવો જોઈએ.

૨. આ દસ્તાવેજ બીજા Registered Dealer ને જારી કરવામાં આવ્યો હોવો જોઈએ.

૩.દસ્તાવેજ જારી કરવાનો ઈરાદો (Mens Rea) સરકારની આવક સાથે છેતરપિંડી કરવાનો હોવો જોઈએ.

૪.અથવા આરોપીને એ જાણ અને ઈરાદો હોવો જોઈએ કે તેના કૃત્યથી સરકારની આવકને નુકસાન થઈ શકે છે.

૫. માત્ર Invoice આપવું પૂરતું નથી; Revenue ને છેતરવાનો દુર્ભાવનાપૂર્ણ ઈરાદો સાબિત થવો આવશ્યક છે.

**ગુજરાત મુલ્યવર્ધીત–વેરા અધિનીયમ–૨૦૦૩ ની કલમ–૮૫( ૪ )**

જે કોઈ વ્યકિત, પેટાકલમો (૧) અથવા (૨)માં નિર્દિષ્ટ કરેલ કોઈ કૃત્ય આચરવામાં કોઈ વ્યક્તિને સહાય અથવા દુષ્ટણ કરે તે વ્યકિતને, દોષિત ઠર્યે, ત્રણ માસથી ઓછી નહી તેટલી પણ એક વર્ષ સુધીની કેદની અને વીસ હજાર રૂપિયાની દંડની શિક્ષા થશે.

**આવશ્યક તત્વો** <u>:–</u>

૧. કલમ 85(1) અથવા 85(2) હેઠળનો મૂળ ગુનો અસ્તિત્વમાં હોવો જોઈએ.

૨. આરોપીએ તે ગુનામાં મદદ (Aid) કરી હોવી જોઈએ અથવા

૩. આરોપીએ ઉશ્કેરણી, પ્રેરણા, સલાહ, સહકાર અથવા સહાય (Abetment) આપી હોવી જોઈએ.

૪. આરોપીને તે કૃત્યના ગેરકાયદેસર સ્વરૂપ અંગે જાણ (Knowledge) હોવી જોઈએ.

૫. આરોપીનું કૃત્ય અને થયેલા ગુના વચ્ચે સંબંધ (Nexus) હોવો જોઈએ.

તે અંગે વિ.મેજી. શ્રીએ વિવિધ ક્રિમીનલ પ્રોસીઝર કોડની જોગવાઈઓ ધ્યાને લઈ

ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ – ૨૧૬ જોગાઈઓ ટાંકી તેમાં ક્રિમીનલ પ્રોસીઝર કોડની ક : ૨૧૬(૧) ધ્યાને લેતા તે નીચે મુજબ છે.

**<u>ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની ક: ૨૧૬</u>**

ન્યાયાલય ત્હોમતનામામાં ફેરફાર કરી શકશે.

(૧) કોઈપણ ન્યાયાલય ફેસંલો સંભળાવતા પહેલા કોઈપણ સમયે ત્હોમનામામા સુધારો કે વધારો કરી શકશે.

(૨) આ સત્તાનો ઉપયોગ ચુકાદો જાહેર થાય તે પહેલા કોઈપણ તબકકે કરી શકાય છે.

(૩) નવા આરોપ માટે કાયદા મુજબ પૂર્વ મંજૂરી જરુરી હોય તો તે મળ્યા વિના કાર્યવાહી આગળ ચાલી શકતી નથી.

૮. આમ ઉપરોકત કાયદાકીય જોગવાઈઓ જોતા કોર્ટને કોઈપણ તબકકે ચાર્જમાં કોઈપણ સમયે ફેરફાર કરવાનો અને તેમાં જજમેન્ટ જાહેર કરતા પહેલાં ગમે ત્યારે સુધારો કરવા કે તેમાં ચેઈન્જ કરવાની સત્તા રહેલી છે તે સત્તાની રુઈએ તેમજ ફરિયાદીએ સદર આંક:૫૯ ની અરજી આપી અને નીચેની કોર્ટથી ફરિયાદીની હકીકત ધ્યાને લઈ વિ.મેજી. શ્રીએ સદર અરજી નામંજુર કરી તહોમતનામામા ઈ.પી.કો.ક. ૪૦૬,૪૬૫,૪૬૮,૪૭૧ તથા ગુજરાત મુલ્યવર્ધીત–વેરા અધિનીયમ–૨૦૦૩ ની કલમ–૮૫(૨)(જે),૮૫(૪)નો ઉમેરો ના કરવાનો હુકમ કરતા તેની સામે હાલના અરજદારે આ રીવીઝન મુખ્યત્વે એવા કારણોસર લાવેલા છે કે, ટ્રાયલ કોર્ટે પ્રિમેચ્યોર હુકમ કરેલ છે.હાલના કેસમા તમામ તત્વો શરુઆતથી જ કેસમા સ્પષ્ટ દેખાઈ આવતા હોય તો ચાર્જ ઉમેરો કરવો ન્યાયના હિતમાં આવશ્યક છે અને તે માત્રથી આરોપીને કોઈ નુકશાન થતુ નથી. હાલના કેસમાં શરુઆતથી ગુન્હાના તમામ તત્વો રેકર્ડ ઉપર દેખાઈ આવે છે જે સંદર્ભે ચાર્જ ઉમેરા માટે આંક–૫૯ હેઠળ અરજી કરવામાં આવેલ હતી.

(૧) આંક–૫૯ થી રાજય વેરા અધિકારી– ૨ ઘટક,સુરેન્દ્રનગરની તા.૨૪/૦૮/૨૦૨૧ થી અરજી છે. જેના પેરા–૩માં આરોપીની ગુન્હાને લગતી કામગીરીનો ઉલ્લેખ કરેલ છે. જે ફરીયાદ પક્ષની રજુઆતને લગતી તા.૧૧/૦૬/૧૫ થી ડીટેઈલ માહીતી છે.

(૨) આંક–૧૦ થી રજુ તહોમતનામુ વંચાણે લેવામાં આવેલ છે. જેમા ઈ.પી.કો. કલમ ૪૨૦,૪૬૭ મુજબના ગુના સાથે ગુજરાત મુલ્યવર્ધીત વેરા અધીનીયમ–૨૦૦૩ની કલમ–૮૫(૩)(સી)(જી)(જે) હેઠળ તહોમતનામુ વંચાણે લેવામાં આવેલ છે.

(૩) આંક–૩૨ થી જીવણભાઈ રણછોડભાઈ,વાણીજયક વેરા અધીકારીની જુબાની રેકર્ડ થયેલ છે. જેમની જુબાનીમાં આંક–૩૩ થી ફરીયાદ આંક–૩૪ થી ૩૮ ના દસ્તાવેજો રેકર્ડ ઉપર રજુ છે.

(૪) આંક–૪૨ થી જયેન્દ્રકુમાર હરીભાઈ દેસાઈ જે જે નાયબ રાજય વેરા કમિશ્નર છે. તેમની જુબાની પણ પ્રોસીકયુશનના કેસને સમર્થન કરે છે.

(૫) આંક–૪૮ થી રાજગોર પુષ્કરભાઈ ગંગારામભાઈ ને તપાસેલ છે જે નિવૃત સહાયક વાણીજય વેરા અધિકારી તરીકે જુબાની આપેલ છે અને તેઓએ પણ પ્રોસીકયુશનના કેસને સમર્થન આપેલ છે.

(૬) સી.આર.પી.સી.કલમ–૨૧૬/બી.એન.એસ.એસ.–૨૩૭ના તત્વોમાં કોર્ટને ચાર્જમાં ઉમેરાનો વીસ્તૃત સત્તા આપેલ છે જે જજમેન્ટ પહેલાના કોઈપણ તબકકે થઈ શકે છે.

(૭) ક્રીમીનલ કાયદા લો ઓફ લીમીટેશન બહુ મહત્વ ધરાવતો નથી, જયારે ગુનાની ગંભીરતા એ હદે છે કે તેમા સજા આજીવન કેદ સુધીની હોય તેમજ સરકારની સામે ગુન્હો હોય જેમા સરકારી નાણાનુ નુકશાન થતુ હોય તો આવા કેસમાં લીમીટેશનના આધારે ચાર્જ ઉમેરો કરવાની રજુઆતને નકારી શકાય નહીં.

(૮) ગુનો સને–૨૦૧૪માં નોંધાયેલ છે. ત્યારબાદ પણ સને–૨૦૨૧માં ચાર્જ ઉમેરાનો રીપોર્ટ તા.૨૪/૮/૨૦૨૧ના રોજ આપવામાં આવેલ છે. તેવા સંજોગોમાં કોર્ટની કાર્યવાહીમાં ઘણી રૂકાવટ થયેલ છે. જે રાષ્ટ્રહિત વીરુધ્ધ છે. તે સંજોગોમાં એડી.ચીફ જયુડી મેજી.સાહેબે કરેલ હુકમમાં હસ્તક્ષેપ કરવાનુ ઉચિત જણાઈ આવતુ હોય જેથી અરજદાર ધ્વારા કરવામાં આવેલી હાલની ક્રિમીનલ રીવીઝન અપીલ મંજુર કરવા પાત્ર જણાતી હોય જેથી મુદ્દા નં.૧ નો જવાબ તે રીતે હકારમાં આપી મુદ્દા નં.૨ માટે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

અરજદાર ધ્વારા ઈ.પી.કો.ક. ૪૦૬,૪૬૫,૪૬૮,૪૭૧ તથા ગુજરાત મુલ્યવર્ધીત-વેરા અધિનીયમ-૨૦૦૩ ની કલમ-૮૫(૨)(જે),૮૫(૪) નો ઉમેરો કરવાની રીવીજન અરજી ખર્ચ સાથે મંજુર કરવામાં આવે છે.

રાજ્ય વેરા અધિકારી-(૨),ઘટક-૨,સુરેન્દ્રનગરનાઓએ રૂા.૧૦૦૦/- ટ્રાયલ કોર્ટમાં જમા કરાવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ અંગે લીંબડી ના એડી.ચીફ. જયુડી. મેજી. શ્રીને યાદી કરવી.

હુકમ આજ તારીખ: ૦૯ માહે.જુન સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

સ્થળ: લીંબડી
તારીખ:-૦૯/ ૦૬/૨૦૨૬

**(એમ.ડી.પાન્ડેય)**
એડીશ્નલ સેશન્સ જજ
લીંબડી.
(Judge Code-GJ01542)